ઊંઝાના રણછોડપુરા માર્ગ પર આઈશરની ટક્કરથી પોલીસ જવાનનું કરૂણ મોત

ઊંઝા, તા.૧૨

ઊંઝા તાલુકાના રણછોડપુરા-કરલી માર્ગ પર આઈશર ટ્રક અને બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા બાઈક ચાલક ઊંઝા પોલીસ સ્ટેશનના એક એલ.આર.ડી. પોલીસ કોન્સ્ટેબલનું કરૂણ મોત નિપજયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા તાલુકાના કહોડા ગામના વતની અને ઊંઝા પોલીસ સ્ટેશનમાં એલ.આર.ડી. પો.કો. તરીકે ફરજ બજાવતા મનુજી નટવરસિંહ રાજપૂત ગઈકાલે રાત્રે બાઈક પર વિસનગરથી ઊંઝા તરફ આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં રણછોડપુરા અને કરલી વચ્ચે નવ વાગ્યાના સુમારે આઈશર ગાડી નં. જીજે ૨૪ યુ. ૪૧૪૩ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને બાઈકને ટકકર મારતા બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજયું હતું. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં શોકની લાગણી ફેલાઈ હતી.

આ ઘટના અંગે ઊંઝા પોલીસે આઈશર ગાડીના ચાલક વિરૂધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈડર મુકામે ઠાકોર સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ઈડર, તા.૧૨

ઈડર તાલુકાના પૂર્વ વિભાગમાં સત્તાવીસ ગોળ ઠાકોર સમાજનો સાતમો સમુહ લગ્ન મહોત્સવ યોજાયો હતો. જેમાં સુડતાલીસ નવ દંપતીએ પ્રભુતામાં પગલાં માંડયા હતા અને આ સમગ્ર સમૂહ લગ્નોત્સવની કર્મકાંડ વિધિ જનકભાઈ શાસ્ત્રીના આચાર્ય પદે સંપન્ન થઈ હતી.

આ સમૂહલગ્નોત્સવ પ્રસંગે ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી રમણલાલ વોરા, શ્યામસુંદર દાસજી મહારાજ અને શાનાનંદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવ દંપતિને શુભેચ્છા સહ આશીર્વાદ આપ્યા હતા જયારે સંસ્થાના પ્રમુખ સરદારભાઈ ઠાકોર, રમેશભાઈ ઠાકોર, કાન્તિભાઈ ઠાકોર સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા અને સમૂહ લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો.

પોલીસે વાહન ચેકીંગ દરમિયાન અમીરગઢ બોર્ડરેથી વિદેશી શરાબનો જથ્થો પકડ્યો

પાલનપુર, તા. ૧૨

રાજયના સરહદી જિલ્લા બનાસકાંઠાના સરહદી અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પરથી શુક્રવારે સાંજે કડક વાહન ચેકીંગ દરમિયાન એક કન્ટેનરમાંથી ઘઉંના જથ્થા પાછળ સંતાડીને ગુજરાતમાં લવાતો વિદેશી શરાબનો મોટો જથ્થો આજે અમીરગઢ પોલીસે ઝડપી લઈ કન્ટેનર સાથે કુલ ૪૬ લાખના મુદ્દામાલ સાથે એક ક્લીનર પોલીસે અટકાયત કરી છે તેમ મોડી રાત્રે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં આંતકવાદીઓ ઘુસ્યાના અહેવાલ બાદ જારી કરાયેલ રેડ એલર્ટથી સર્વત્ર કડક પોલીસ ચેકીંગ-વાહન ચેકીંગ ચાલે છે. તે દરમિયાન આજે ગુજરાતમાં પ્રવેશતા અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ પર પી.એસ.આઈ. સી.બી. ટંડેલ અને પોલીસ સ્ટાફના માણસો સાંજે બોર્ડર પર વાહન ચેકીંગ કરતા હતા ત્યારે એક કાર્ગોના કન્ટેનરનું ચેકીંગ કરતા તેનો ચાલક ભાગી ગયો હતો. પોલીસને શંકા જતા વાહન નં. આર.જે.-૧૪-૨જી-૦૩૯૯ના ક્લીનરને ઝડપી લઈ કન્ટેનરની તપાસ હાથ ધરી હતી. જેમાંથી ઘઉંના કટ્ટા પાછળથી ૩૧ લાખ રૂપિયાની ૮ હજારથી વધારે પેટીઓ વિદેશી શરાબની મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે તપાસ દરમિયાન ૩૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો તથા અંદાજે ૧૫ લાખની આસપાસના કન્ટેનર સાથે કુલ ૪૬ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસે ક્લીનરની ધરપકડ કરી હતી. જ્યારે ડ્રાઈવર ઝરોજખાન નાસી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે આ મામલે ડ્રાઈવર અને ક્લીનર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાં વાહનોના કાળા કાચ દૂર કરવામાં પોલીસનું ઉદાસીન વલણ

ડીસા, તા. ૧૨

કોર્ટના આદેશથી વાહનોમાં લગાવાયેલી ડાર્ક ફિલ્મ પટ્ટીઓ દૂર કરવા જિલ્લા પોલીસ તંત્રના કડક

આદેશ છતા ડીસા શહેરમાં ડાર્ક ફિલ્મ પટ્ટીઓ દૂર કરવાના મામલે પોલીસનું ઉદાસિન વલણ જોવા મળી રહ્યું છે.

ડીસા શહેરમાં અંદાજીત ૩૦ હજાર જેટલા ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહન ફરી રહ્યા છે. મોટાભાગના ફોર વ્હીલર વાહનોમાં ડાર્ક ફિલ્મ પટ્ટીઓ લગાડેલી હોય છે. જેના કારણે ગાડીની અંદર થતી હિલચાલ જોઈ શકાતી નથી. ગુનાહિત પ્રવત્તિ આચરતા તત્વો અંદર કોઈનું અપહરણ કે અન્ય ભેદી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ડાર્ક ફિલ્મ પટ્ટીના કારણે ગાડીમાં શું થઈ રહ્યું છે તેની ખબર નથી પડતી એટલે વાહન મારફતે થતી ગુનાખોરી એટલે કે તે

માટે અને ગુજરાતમાં આતંકવાદી ઘુસ્યાની શંકાના હાઈ એલર્ટને પગલે સુપ્રિમ કોર્ટ દ્વારા તમામ વાહનોના કાળા કાચને દૂર કરવાનો આદેશ કરાયો છે જેનો અમલ રાજયની તમામ પોલીસ કરી રહી છે ત્યારે ડીસામાં પોલીસ દ્વારા હજુ સુધી કાળા કાચ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ નથી. ઉલ્લેખનીય છે કે ડીસા પંથકમાં આરટીઓ નિયમનું પાલન કરાવવામાં પોલીસ તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યું છે. શહેરમાં નંબર પ્લેટ પર વિવિધ પ્રકારનું લખાણ અને લોગો ચિતરાવેલા અનેક વાહન ફરી રહ્યા છે છતાં પોલીસ દ્વારા કોઈ પગલા ભરવામાં આવતા નથી. માત્ર પ્રાઈવેટ જ નહી સરકારી બાબુઓની પ્રાઈવેટ ગાડીઓની નંબર પ્લેટ પર પણ આરટીઓ નિયમ વિરૂદ્ધ ચિતરામણ કરેલ જોવા મળે છે ત્યારે પોલીસે કાળા કાચ દૂર કરવાની સાથે નંબર પ્લેટ પર લખાણ ધરાવતા વાહન ચાલકો વિરૂદ્ધ પગલા ભરવાજોઈએ તે ઈચ્છનીય બાબત છે.

ખારી નદીના પટમાં ગેરકાયદેસર રીતે ચાલતી કેમીકલ્સ થેલી ધોવાની કામગીરી

ગાંધીનગર, તા. ૧૨

પૂર્વઝોનમાં વિંઝોલ ગામ પાસે વિનોબાભાવે નરગ ખારી નદીના પટમાં ગેરકાયદેસર રીતે કેમીકલ્સ થેલી ધોવાની કામગીરી ચાલતા કારી નદીમાં પ્રદૂષણ સર્જાયું છે.

વિંઝોલ ગામની પાસે રોપડા ગામની સીમમાં વિનોબાભાવે નગરની રોડ માર્ગે આશરે ૮ કિલોમીટર દૂર ખારે રેલવેબ્રીજ નં. ૩૭૭ પાસેના એક ખેતરમાં ગેરકાયદેસર રીતે કેમીકલ્સ થેલી ધોવાની કામગીરી ચાલે છે. વડવા ઔદ્યોગિક વિસ્તારમાંથી કેમિકલ્સ થેલીઓ લાવી ધોવામાં આવે છે. આ ગંદા પાણીનો નિકાલ ખારી નદીમાં કરવામાં આવે છે. આ અંગે અસલાલી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગેરકાયદેસર કેમીકલ્સ થેલી ધોવાની કામગીરી બંધ કરાવવા પાકી કુંડીઓ તોડી પાડવા જિલ્લા કલેક્ટરને જણાવવામાં આવ્યું છે.

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા દેલવાડામાં આંખના રોગો અને સારવાર અંગે પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

માણસા તાલુકાના દેલવાડા ગામે તાજેતરમાં જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગરના ડૉ. તેજલબેન દલાલ દ્વારા આંખના રોગો અને તેની સારવાર અંગેના પ્રવચનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો.

આંખના રોગો જેવા કે, મોતિયો, જામરના રોગના પ્રાથમિક લક્ષણો તથા બાળકોની આંખની સારવાર લેવી વગેરે બાબતોથી દેલવાડાના ગ્રામજનોને માહિતગાર કર્યા હતા. ઝામરના રોગ પ્રત્યેની નિષ્કાળજી અને સમયસર સારવાર ન મળે તો આંખે અંધાપો આવી શકે છે તેવી તેમણે ભારપૂર્વક સમજણ આપી હતી. આ પ્રસંગે દેલવાડા ગામના ૧૭૦૦ થી વધુ ગ્રામવાસીઓ આંખની સારવારના ડૉ. તેજલ દલાલના પ્રવચનથી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે વાગ્મિન પંડ્યાએ લોકો સમજી શકે તે માટે પ્રોજેક્ટર દ્વારા અડધા કલાકનું પ્રેઝન્ટેશનનું આયોજન કર્યું હતું. જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગરના પ્રમુખ સાંકાભાઈ પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ તથા ભૂતપૂર્વ પ્રમુખ ડી.ટી. પટેલ અને સભ્ય જગદીશભાઈ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વેણપુર પાસેથી રૂ. ૪૧ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણની અટકાયત

વિદેશી દારૂનો જથ્થો પંજાબથી ગુજરાતમાં લવાઈ રહ્યો હતો

હિંમતનગર, તા. ૧૨

પોલીસે બાતમીના આધારે પંજાબથી ગુજરાતમાં બિનકાયદેસર રીતે લઈ જવાતી વિદેશી દારૂનો જથ્થો ભરેલી એક ટ્રકને પકડી પાડી છે. અને તેની ઝડતી લેતા તેમાંથી અધધ કહી શકાય તેટલો મોટો રૂ. ૪૧ લાખનો વિદેશી દારૂ હાથ લાગ્યો હતો જેથી એલ.સી.બી.એ દારૂ તથા ટ્રક સાથે મળી કુલ ૫૧,૩૩,૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ દારૂ ભરી આવતા પંજાબના ત્રણ શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાની સુચના મુજબ એલ.સી.બી. પી.આઈ. ડી.પી. ચુડાસમાને બાતમી હતી કે પંજાબથી એક ટર્બો ટ્રક વિદેશી દારૂના જથ્થા સાથે રાજસ્થાનના રસ્તે થઈ ગુજરાતમાં ઘુસાડવામાં આવનાર છે. જે આધારે તેઓના માર્ગદર્શન હેઠળ હિંમતનગર એલ.સી.બી. પી.એસ.આઈ. ડી.એમ. ઢોલ તેમના સ્ટાફના કિશોરસિંહ, કૌશિકભાઈ, વિરભદ્રસિંહ અને રાજેન્દ્રસિંહ સાથે શામળાજી નજીકના વેણપુર પાસે શનિવારે સવારે હાઈવે પર નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા તમામ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન વેણપુર પાસે જઈ રાજસ્થાન બાજુથી આવતા ટ્રક નંબર પી.બી.૦૬-એફ-૨૪૬૭ શંકાસ્પદ જણાતા તપાસ અર્થે ઉભી રાખી હતી. આ ટર્બો ટ્રકમાં તપાસ હાથ ધરતા વગર પાસ પરિમટની વિદેશી દારૂની ૧૦૨૪ પેટી જેની કિંમત રૂપિયા ૪૧,૧૦,૩૦૦ થાય છે તે મળી આવી હતી. બાદમાં એલ.સી.બી. અને સ્થાનિક પોલીસે ટ્રક તેમજ રોકડ સહિત કુલ રપિયા ૫૧,૩૩,૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ દારૂ ભરીને આવતા પંજાબના ત્રણ શખ્સો ડ્રાઈવર લખ્વીરસિંગ દિવાનસિંગ શીખ, ડ્રાઈવર મંગલસિંગ તીલાકસિંગ શીખ અને ક્લીનર પરઘટસિંગ કાવલસિંગ જાટ (રહે. ત્રણેય પંજાબ)ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા પ્રેસ કલબની રચના થઈ

બનાસકાંઠા, તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા અને પત્રકારોના પ્રશ્નોને ન્યાય મળે તેવા હેતુથી તાજેતરમાં બનાસકાંઠા પ્રેસ કલબની રચના કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે સંદેશના પ્રતિનિધિ ભાનુભાઈ જોષી અને મહામંત્રી તરીકે મુકેશ ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જયારે કલબના પ્રમુખે સર્વે કલબસભ્યોને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. બાદમાં તમામ સભ્યોએ સંગઠનને લગતા વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી અંતે શરીફભાઈએ આભારવિધિ કરી હતી.

ઈડરના ગુલાબપુરા સ્થિત કે.એમ. પટેલ હાઈસ્કૂલનો તાજેતરમાં સુવર્ણ જયંતી મહોત્સવ યોજાયો હતો. જેમાં શોભાયાત્રા યોજી નવીન સાયન્સ વિભાગના વર્ગખંડ અને ઓફિસ (કાર્યાલય)નું ઉદ્‌ઘાટન શિક્ષણમંત્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સુવર્ણ જયંતિ મહોત્સવમાં ડૉ. ભગુભાઈ પટેલ, જયચંદ્રદાસ પટેલ, શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, કારોબારી સભ્યો ગ્રામજનો અને આગમ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. **(તસવીર : જનકભાઈ રાવલ)**

ડીસા પંથકમાં ભર ઉનાળે ઘનઘોર ઘટા છવાઈ : અસહ્ય ગરમીમાંથી લોકોને રાહત

ડીસા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લામાં ભર ઉનાળામાં અષાઢી માહોલ રચાતા ભાભર દિયોદર સહિતના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જ્યારે ડીસા પંથકમાં પણ સાંજે છ વાગ્યાના સુમારે આકાશ કાળા અને સફેદ રંગના વાદળાંથી છવાઈ જવા પામ્યુ હતુ.

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની ઋતુ દરમ્યાન ત્રણ વખત વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. ૪૦ ડીગ્રીની ગરમી બાદ વાતાવરણ અચાનક પલ્ટાય છે અને આકાશમાં વાદળોની વણઝાર સાથે સૂરજદાદા અદૃશ્યમાન થઈ જતા લોકો પરસેવો પડાવતી કાળઝાળ ગરમીમાંથી રાહત અનુભવે છે. અત્યારે પણ કાળઝાળ ઉનાળાની અગન વર્ષા લોકોને અકળાવતી હતી ત્યારે છેલ્લા ચારેક દિવસથી સવારના સુમારે આકાશમાં વાદળ છવાઈ જતા હતા અને પવનની ગતિ એકદમ સ્થિત બનતા લોકોને બફારા વચ્ચે કાળઝાળ ગરમીનો અહેસાસ થતો હતો પરંતુ આજે બપોર બાદ આકાશમાં આવેલ છુટાછવાયા વાદળ સાંજ સુધીમાં તો વધી જતાં આકાશમાં ઘનઘોર ઘટા છવાઈ હતી અને સીમ વિસ્તારમાં મોર પક્ષી ટહુકી ઉઠતા અષાઢી માહોલ સર્જાયો હતો. સાંજે લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી હતી અને વાતાવરણ ખુશનુમા બન્યુ હતુ જો કે શનિવારનો દિવસ અને વરસાદી માહોલ રચાતા લોકો વહેલાસર ઘરે જતા રહ્યા હતા. ડીસામાં છ વાગ્યા બાદ દુકાનો પણ બંધ થવા લાગી હતી.

ક્લોલ રેલવે સ્ટેશન પરથી બે માસુમ બાળકો મળી આવ્યા

કલોલ, તા.૧૨

કલોલ રેલવે સ્ટેશન પર ઘરેથીભાગી આવેલા બે માસુમ બાળકો આર.પી.એફ.ના જવાનોને મળી આવ્યા હતા. જેથી આર.પી.એફે આ બંને બાળકોને ગાંધીનગર જીલ્લા બાળ કલ્યાણ એકમના હવાલે કર્યા હતા. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે કલોલ ડીવીઝન રેલવે પોલીસ ફોર્સના પી.આઈ.પી.ડી. તિવારીએ સ્ટાફના માણસોને રેલવે સ્ટેશન પર સઘન પેટ્રોલીંગ કરવાની સૂચના આપી હતી. દરમ્યાનમાં ગઈકાલે સવારે આ.પી.એફ.ના જવાન લાલજીભાઈ ચૌધરી અને મહેશભાઈ ચૌધરી કલોલ રેલવે સ્ટેશન પર પેટ્રોલીંગ કરતા હતા. તે સમયે રેલવે સ્ટેશનના માલગોદામ પ્લેટફોર્મ પર ફરતા બે નાના બાળકો પર લાલજીભાઈ ચૌધરીની નજર પડી હતી. જેથી તેમણે બંને બાળકોને પુચ્છા કરી હતી. બાદમાં તે બંને ભાઈઓ હોવાનું અને તેમના નામ જયકાંત (ઉ.વ.૫) અને વીરકાંત (ઉ.વ.૪)ના હોવાનુંજાણવા મળ્યુંહતું. બાદમાં આર.પી.એફના જવાનોએ પી.આઈ. તીવારીને જાણ કરી હતી. જેથી તેઓ પણ તુરંત દોડી આવ્યા હતા. બાદમાં જીલ્લા બાલ કલ્યાણ એકમ ગાંધીનગરને જાણ કરતા એક ટીમ દોડી આવી હતી. આરપીએફ બંને બાળકોને બાળ કલ્યાણ એકમના હવાલે કરી દીધા હતા.

ઈડરના પશ્ચિમ વિભાગના બેતાલીસ પ્રજાપતિ સમાજના તાજેતરમાં પ્રજાપતિ સમાજના સમુહલગ્ન યોજાયા. જેમાં સમુહલગ્નના કાર્યને સફળ બનાવવા જહેમત ઉઠાવી તેવા કુશળ યુવક મંડળે હર્ષની લાગણી સાથે અદાર નવયુગલ અને દાન આપનાર - દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તે સમયની તસવીર ઉપર દૃષ્ટિ ગોચર થાય છે.

બેસણું

અમારા ભાઇશ્રી નટવરલાલ મફતલાલ સઘાણી (બેણપવાળા) તા.૧૨-૫-૨૦૧૨ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૧૩-૫-૨૦૧૨ને રવિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : જૈન ટેરાસરની બાજુના શેડમાં, સેક્ટર-૨૨, ગાંધીનગર.

લી.

જીતેન્દ્ર નટુભાઇ સઘાણી | સઘાણી રમેશભાઇ મફતલાલ
હિતેષભાઇ નટુભાઇ સઘાણી | સઘાણી ચીનુભાઇ મફતલાલ
દિપક નટુભાઇ સઘાણી | (સમોર કિરાણાવાળા)

સમસ્ત સઘાણી પરિવાર

સાથ, સહકાર અને વિશ્વાસ

સ્ટોકિસ્ટ

શ્રી પેશ્રી ટ્રેડર્સ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

(0) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮